eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 322
July 27, 2012

## તા.૧૯/૦૭/૨૦૧૨નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ,સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે વર્ષાગીત તથા વેશભુષા હરિફાઈનું આયોજન

વર્ષાના આગમનને વધાવવા તથા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનઃ૧૫મી ઓગષ્ટની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૮/૦૮/૨૦૧૨ ને બુધવારના રોજ પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને તા. ૦૯/૦૮/૨૦૧૨ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૧/૦૭/૨૦૧૨ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડાફાર્મરોડ, પુણા પોલીસ ચોકી પાસે, પુણા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકારશ્રીના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટી તેમજ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટીના સંયુકત ઉપક્રમે ફલડ ઈમરજન્સી રેસ્કયુની મોકડ્રીલનું આયોજન

ગુજરાત સરકારશ્રીના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટી તેમજ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટીના સંયુકત ઉપક્રમે આજરોજ ફલડ ઈમરજન્સી રેસ્કયુની "મોકડ્રીલ" આયોજીત કરવામાં આવેલ હતી. તેના અનુસંધાનમાં મે.કલેકટરશ્રી ધ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેડનેશને વધુ સારી ઓપરેટીવ બનાવવા માટે તા.૨૪/૦૭/૧૧ ના રોજ ગુજરાત સરકારશ્રીના અલગ–અલગ વિભાગો ધ્વારા વિસ્તૃત પ્રેજન્ટેશન કરવામાં આવેલ હતુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૯/૦૭/૨૦૧૨નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ,સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા.૧૯/૦૭/૨૦૧૨નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ, તમામ ઝોનમાંથી ૬૭૬.૪૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૧,૯૭,૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટિક કિ.ગ્રા. |
|---|---|---|---|---|
| ૧ | કતારગામ ઝોન | ૨૫,૯૦૦ | ૨૪૨ | ૫૪.૭૦૦ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૪૫,૪૫૦ | ૩૫૪ | ૧૧૩.૪૫૦ |
| ૩ | રાંદેર ઝોન | ૨૧,૦૫૦ | ૧૫૩ | ૬૫.૫૦૦ |
| ૪ | અઠવા ઝોન | ૨૮,૦૦૦ | ૫૬ | ૮૯.૦૦૦ |
| ૫ | વરાછા ઝોન | ૫૭,૬૦૦ | ૧૫૨ | ૨૯૧.૦૦૦ |
| ૬ | લિંબાયત ઝોન | ૧૦,૪૦૦ | ૧૦૧ | ૩૧.૫૫૦ |
| ૭ | ઉધના ઝોન | ૮,૭૦૦ | ૭૯ | ૩૧.૨૦૦ |
| કુલ | | ૧,૯૭,૧૦૦ | ૧૧૩૭ | ૬૭૬.૪૦૦ |

TOP

## ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે વર્ષાગીત તથા વેશભુષા હરિફાઈનું આયોજન

વર્ષાના આગમનને વધાવવા તથા ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનઃ૧૫મી ઓગષ્ટની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૮/૦૮/૨૦૧૨ ને બુધવારના રોજ પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને તા. ૦૯/૦૮/૨૦૧૨ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા તથા બપોરે ૨.૦૦ કલાકે વેશભૂષા હરિફાઈનું આયોજન ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર શાળાના વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. જયારે વેશભૂષા હરિફાઈમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૦૪/૦૮/૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે. ભરેલા પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ ૦૪/૦૮/૨૦૧૨ રાખવામાં આવી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૧/૦૭/૨૦૧૨ ના રોજ પુણા શહેરી આરોગ્ય કેન્દ્ર, બોરડાફાર્મરોડ, પુણા પોલીસ ચોકી પાસે, પુણા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી ભીમજીભાઈ વી. પટેલ, શાસકપક્ષના નેતા શ્રીદયાશંકર શકલનારાયણસિંહ, રૂગ્ણાલયો, વૈદકિયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ રંજનબેન વસોયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ.દેસાઈ, વરાછાઝોનના ઝોનલ ચીફ શ્રી પી. જે. ઝાલા, કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી.ગામીત, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. કે. નિગમ, ડો. એ. પી. ભટ્ટ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો. કલ્પેશ ખત્રી, મેડીકલ ઓફિસર વર્ગ–૧, કુટુંબ કલ્યાણ બ્યુરોના ડો.અરૂણાબેન પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પુણા/કરંજ/હીરાબાગ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો પુણા શહેરી આરોગ્યકેન્દ્રની આસપાસ વિસ્તારના કુલ ૨૮૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૩૮, ચામડીના નિષ્ણાત દ્વારા ૮૮, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૫, ફિઝીશયન દ્વારા ૭૭, સર્જન દ્વારા ૯, મેડીકલ ઓફીસર દ્વારા ૩૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૫ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૭ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૨૫૧૬ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૦૫૦, ઓરલ પીલ્સ ૧૧ પેકેટ,આર્યન ફોલીક ૧૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૪ બાળકને બી.સી.જી., ૫૦ બાળકોને ડીપીટી, ૫૪ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૨૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૨૮/૦૭/૧૨ના રોજ ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્ર, એચ–૧૫,ઈ.ડબલ્યુ.એસ.આવાસ,ભેસ્તાન,ડીંડોલી રોડ, રેલવે ફાટક પાસે,સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## ગુજરાત સરકારશ્રીના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટી તેમજ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટીના સંયુકત ઉપક્રમે ફલડ ઈમરજન્સી રેસ્કયુની મોકડ્રીલનું આયોજન

ગુજરાત સરકારશ્રીના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટી તેમજ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટીના સંયુકત ઉપક્રમે આજરોજ ફલડ ઈમરજન્સી રેસ્કયુની "મોકડ્રીલ" આયોજીત કરવામાં આવેલ હતી. તેના અનુસંધાનમાં મે.કલેકટરશ્રી ધ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્રિપેડનેશને વધુ સારી ઓપરેટીવ બનાવવા માટે તા.૨૪/૦૭/૧૧ ના રોજ ગુજરાત સરકારશ્રીના અલગ–અલગ વિભાગો ધ્વારા વિસ્તૃત પ્રેજન્ટેશન કરવામાં આવેલ હતુ અને તા. ૨૫/૦૭/૧૨ ના રોજ ૧૦:૪૬ કલાકે કોઝવે , બોરવાડા રાંદેર ખાતે ફલડ ઈમરજન્સી રેસ્કયુ અંગેનું " મોકડ્રીલ" રાખવામાં આવેલ. જેમા સુરત શહેર/ જિલ્લા પોલીસ, સુરત મહાનગરપાલિકા, સુરત ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, સીવીલ હોસ્પીટલ, ફીશરીગ ડીપાર્ટમેન્ટ, સિંચાઈ વિભાગ, ઉકાઈ ડેપ ઓર્થોરીટી,સીડબલ્યુ વિભાગ, કલેકટર ડીઝાસ્ટર શાખા, એનડીઆરએફ વિભાગ, એનજીઓ અને અલગ અલગ એજન્સીઓએ ભાગ લીધેલ હતો.

આ " મોકડ્રીલ" નો અભિયાન કુલ બે કલાક ચાલેલ.જેમાં ઉકાઈ ડેમમાંથી મોટા જથ્થામાં પાણી છોડવામાં આવી રહયું છે. જેના લીધે રાંદેર – કોઝવે બોરવાડાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ૫૦ માણસો પાણીમાં ડૂબી ગયેલ છે. તેઓ સીનારીયો બનાવવામાં આવેલ હતો.

જેના અનુસંધાનમાં સેન્ટ્રલ વોટર કમિશન (સીડબલ્યુસી) વિભાગ મારફતે કલેકટરશ્રીના ડીઝાસ્ટર કંટ્રોલ રૂમને પી–વોર્નિંગ ફેકક્ષ મોકલવામાં આવેલ અને જિલ્લા ફલડ કંટ્રોલ રૂમે સુરત શહેરના તમામ વિભાગીય કંટ્રોલ રૂમને જાણ કરેલ. જેથી એસ.એમ.સી ફલડ કંટ્રોલ / ફાયર કંટ્રોલ રૂમે આ મેસેજ મળતાની સાથે તુરત જ પ્રચાર ગાડી મારફતે ઉપરોકત ફલડ એફકટેડ વિસ્તારોમાં પ્રજાને એલર્ટ કરવામાં આવેલ.અને ત્યારબાદ રાંદેર ઝોનના ઝોનલ ઓફીસરશ્રીની ટીમ ધ્વારા ઈવેકયુએશનની કામગીરી હાથ ધરવા જાણ કરવામાં આવેલ. તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ધ્વારા પ્રથમ ટર્ન આઉટમાં બે ઈમરજન્સી રેશ્કયુ વ્હીકલ ધ્વારા અડાજણ અને મોરાભાગળ ફા.સ્ટે.ખાતેથી બે રેશ્કયુ ટીમો મોકલવામાં આવેલ. અને બનાવના સ્થળ ખાતે "ઈન્સીડેન્ટ કમાન્ડ પોસ્ટ" ઉભી કરી બચાવની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ.નદીમાં પાણીના લેવલની પરિસ્થિતિ વધતી જતા "ઈન્સીડેન્ટ કમાન્ડ પોસ્ટ" ની માંગણીથી બીજી કુલ–૦૬ રેશ્કયુ બોટો રેશ્કયુ ટીમ સાથે રવાના કરવામાં આવેલ.

ચીફ ફાયર ઓફીસર શ્રી પંકજ પટેલની રેશ્કયુ ટીમના ૯૫ અધિકારી/ કર્મચારીઓ ધ્વારા આ રેસ્કયુ કામગીરીનું ઓપરેશન જાનનાં જોખમે કરવામાં આવેલ હતું.આ રેશ્કયુ ઓપરેશનમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની કુલ–૦૮ રેશ્કયુ બોટ, કુલ–૦૮ એમ્બ્યુલન્સ, કુલ–૦૧ મોબાઈલ ક્રેન, કુલ–૦૧ હાઈડ્રા ક્રેન તથા અલગ અલગ પ્રકારના અધતન રેસ્કયુ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને એફેકટેડ તાપી નદી કિનારાના વિસ્તારોમાંથી કુલ –૫૨(બાવન) માણસોને પાણીમાંથી બહાર કાઢી એમ્બ્યુલન્સ ધ્વારા સીવીલ/ સ્મીમેર હોસ્પીટલમાં મોકલી આપવામાં આવેલ.સદર બનાવ સ્થળે સ્મીમેર/ સીવીલ હોસ્પીટલની ચાર મેડીકલ ટીમોને કેઝયુલટીની પ્રાથમિક સારવાર માટે તૈનાત રાખવામાં આવેલ હતી.તેમજ રાંદેર ઝોનના કાર્યપાલકશ્રીની ટીમ ધ્વારા ફલડેડ વિસ્તારમાંથી કુલ–૨૮૦૦ માણસોનું સ્થાળાતંર કરી તેમને નજીકની પ્રાથમિક શાળાના મકાનના રીલીફ કેન્દ્રોમાં સેન્ટર આપવામાં આવેલ હતી.વધુમાં આ અભિયાન સીવીલ ડીફેન્સ, જીઈબી,ગુજરાત ગેસ,પોલીસ વિભાગ, કલેકટર ડીઝાસ્ટર શાખા એનડીઆરએફ વિભાગ ની સહરાનીય કામગીરી રહેલ હતી.આ ફલડ ઈમરજન્સી રેશ્કયુ "મોકડ્રીલ" અભિયાન ભારત સરકારશ્રીના નેશનલ ડીઝાસ્ટર ઓર્થોરીટીનાં મેજર જનરલ (રીટાયર્ડ) વી.કે.દત્તા સીનીયર સ્પેશ્યાલીસ્ટ (સીબી એન્ડ એમઈ) અને મે.કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં અયોજીત કરવામાં આવેલ.આ મોકડ્રીલ આયોજીત કરવાનો મુખ્ય હેતુ ડીઝાસ્ટર પ્લાનના ઓપરેશનની કાર્યદક્ષતા ચકાસવવાનો તેમજ એકસરસાઈઝ કરવાનો હતો.

TOP